મધ્ય ગુજરાતમાં સરેરાશ 60% મતદાન

સમગ્ર ગુજરાત રાજ્યમાં આજરોજ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પૂર્ણ રહી હતી. જેમાં પંચમહાલ, દાહોદ, જિલ્લામાં પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ચૂંટણી ની પ્રક્રિયા પૂર્ણ થઈ હતી. છેલ્લા કેટલા દિવસથી મધ્ય ગુજરાતમાં ચૂંટણીનો પ્રચારનો માહોલ જામેલો જોવા મળ્યો હતો પરંતુ મતદારોના મન કોઈ પણ પક્ષના ઉમેદવાર જાણી શક્યા નથી શક્યા નથી. આજરોજ વહેલી સવારથી સાત વાગ્યાના સુમારે મતદાનની પ્રક્રિયા ચાલુ થઈ ગઈ હતી જેની અંદર જેમ જેમ દિવસ પસાર થઈ રહ્યો હતો તે રીતે મતદાન પણ ઓછું થયું હતું દાહોદ જિલ્લામાં તેમજ નગરમાં આજરોજ દાહોદ જિલ્લા પંચાયત તાલુકા પંચાયત અને દાહોદ નગરપાલિકાના 9 વોર્ડ નું મતદાન યોજાયું હતું જેની અંદર સવારના સાત વાગ્યાથી લઈ સાંજના છ વાગ્યા સુધી દાહોદ નગરપાલિકામાં કુલ 57.91% જિલ્લા પંચાયતની અંદર 59.41% અને દાહોદ તાલુકા પંચાયતમાં 59.41 ટકા નું મતદાન થયું હતું. વડોદરા જિલ્લામાંથી બનેલા છોટાઉદેપુર જિલ્લામાં આજરોજ જિલ્લા પંચાયત અને સ્થાનિક તાલુકા પંચાયતની સ્વરાજની ચૂંટણીમાં પણ મતદારોનો બહુ ઉત્સાહ જોવા મળ્યો હતો જેની અંદર છોટાઉદેપુર જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કુલ 69.38% નો મતદાન થયું હતું આ ઉપરાંત તાલુકા પંચાયતની ચૂંટણીમાં 75.30 ટકાનું મતદાન થયેલું જાણવા મળ્યું હતું જેમાં છોટાઉદેપુર જિલ્લામાં નવરચિત બોડેલી નગરપાલિકાની ચૂંટણીમાં કુલ ૭૦ ટકા નું મતદાન થયું હોવાનું જાણવા મળ્યું છે.

વહેલી સવારે 7 વાગ્યાથી મતદારોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો

દાહોદ જિલ્લામાં તમામ મતદાન મથકો પર પોલીસ બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ મતદાન

(પ્રતિનિધિ) દાહોદ, તા.26 ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ અન્વયે આજે રવિવાર તા 26 ના રોજ દાહોદ જિલ્લામાં સવારથી જ લોકશાહીના પર્વનો શાંતિપૂર્ણ અને ઉત્સાહવર્ધક વાતાવરણમાં પ્રારંભ થયો હતો નગરપાલિકા, જિલ્લા પંચાયત, તમામ તાલુકા પંચાયતો માટે મતદારોએ સવારથી જ મતદાન મથકો ઉપર ઉત્સાહભેર મતદાનનો પ્રારંભ કર્યો હતો જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી યોગેશ નિર્ગુડે ની સીધી દેખરેખ હેઠળ સમગ્ર જિલ્લામાં મતદાન પ્રક્રિયા સુચારુ રીતે હાથ ધરવામાં આવી હતી મતદાન મથકો પર વરિષ્ઠ નાગરિકો, યુવા મતદારો અને

મહિલાઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો હતો વહીવટી તંત્ર દ્વારા દિવ્યાંગ મતદારો અને વૃદ્ધો માટે ખાસ વ્હીલચેર તેમજ અનુકૂળ સુવિધાઓ ઊભી કરવામાં આવી હતી જેથી તેઓ કોઈપણ અડચણ વગર પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે.

કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ જાળવી રાખવા માટે સમગ્ર જિલ્લામાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો સંવેદનશીલ મતદાન મથકો સહિત મતદાન મથકો પર સીસીટીવી કેમેરા દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કાર્યરત કન્ટ્રોલ રૂમ પણ કાર્યરત છે. લોકશાહીના આ મહાપર્વમાં દાહોદ જિલ્લાના તમામ મતદારો નિર્ભય થઈને અને વધુમાં વધુ સંખ્યામાં મતદાન કરે તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી હતી.

સાંજે 5 વાગ્યા સુધીમાં 66.33 ટકા મતદાન નોંધાયું

સાવલી તાલુકામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં મતદારો ઉમટી પડ્યા

(પ્રતિનિધિ) સાવલી, તા.26 સાવલી તાલુકામાં આજે નગરપાલિકા તેમજ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત માટે મતદાન થયું હતું જેમાં મતદારો ની કતારો જોવા મળી ન હતી. ગરમીના કારણે સાંજના સમયે મતદારોની ભીડ મતદાન મથકો પર જોવા મળી હતી તાલુકા પંચાયત જિલ્લા પંચાયત માટે સાંજના 5:00 વાગે સુધી 66.33% મતદાન નોંધાયું હતું જ્યારે સાવલી નગર પાલિકા માં સવારના 7 થી સાંજના 5 વાગ્યા સુધીમાં 62 ટકા જેટલું મતદાન નોંધાયું હતું જ્યારે મતદાન મથકો પર સાંજના સમયે ગરમી ઓછી થતા ભીડ જોવા મળી હતી જોકે સાંજના સમયે મતદારોની ભીડ જોવા મળી હતી જ્યારે તંત્ર દ્વારા ઈ વી એમ સીલ કરી ને પોલીસ બંદોબસ્ત સાથે સાવલી આર્ટસ

એન્ડ કોમર્સ કોલેજ માં ઉભો કરવામાં આવેલ સ્ટ્રોંગ રૂમ માં મૂકવા તજવીજ હાથ ધરવામાં આવી હતી. લોકશાહીમાં પોતાના બંધારણીય હકના ભાગરૂપે આજે નમીસરા ગામે રાહુલ પરમાર નામના વરરાજા એ પોતાના લગ્નની જાન લઈને જતા પહેલા નમીસરા પ્રાથમિક શાળામાં મતદાન કર્યું હતું.

જ્યારે સરદાર પુરા ગામે ચૂંટણી કાર્ડ હોવા પરમાર સવિતાબેન અને પરમાર ખુમાનસિંહ સહિતના ત્રણ મતદારોના નામ મતદાર યાદીમાં ન હોવાથી મતદાન થી વંચિત રહેવાનો વારો આવ્યો હતો જ્યારે નગર પાલિકા માં વોર્ડ નંબર 2 માં કન્યા શાળા માં ઈ વી એમ માં ત્રણ નંબરનું બટન દબાતુના હોવાથી મતદારોએ અને ભાજપના હોદ્દેદારો એ હોબાળો મચાવ્યો હતો અને ધારાસભ્ય કેતન ઈનામદાર મતદાન મથક પર પહોંચી ગયા હતા. અને પ્રાંત ઑફિસર ને ફોન કરતા બગડેલું ઈ વી એમ સીલ કરીને નવું ઇવીએમ મૂકીને આશરે અડધો કલાક બાદ મતદાન શરૂ થયું હતું. અને દિવસના અંતે 70 ટકા થી વધુ મતદાન થવાની શક્યતા છે.

શાંતિપૂર્ણ મતદાન યોજાતા તંત્રએ હાંશકારો અનુભવ્યો

હાલોલ તા.પંચાયતનુ 72.16 % જ્યારે જિ.પંચાયતનુ 70.49% મતદાન

(પ્રતિનિધિ) હાલોલ, તા.26 સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ હાલોલ તાલુકા પંચાયત ની ૨૧ બેઠક માટે ૧૪૮ બુથ ઉપર તેમજ જિલ્લા પંચાયતની ૫ બેઠક માટે ૧૭૪ મતદાન મથક પર આજે યોજાયેલ ચૂંટણી પ્રક્રિયા શાંતિપ્રિય વાતાવરણ માં સંપ્પન થતા વહીવટી તંત્ર એ હાશકારો અનુભવ્યો હતો. જોકે સવાર ના ૭.૦૦કલાકે થી શરુ થયેલી મતદાન પ્રક્રિયા જે સાંજે ૬.૦૦ કલાકે પૂર્ણ થતા તાલુકા પંચાયત નું. 72.16 ટકા મતદાન તેમજ જિલ્લા પંચાયત નું. 70.49 ટકા મતદાન થયું હતું. લોકશાહીનો મહાપર્વ એવા સ્થાનિક સ્વરાજ્ય ની ચૂંટણી ને લઈ હાલોલ તાલુકા પંચાયતની ૨૪ બેઠકો પૈકી કંજરી, સાથરોટા અને ઘનશર આમ ત્રણ બેઠક પર ભાજપા ના ઉમેદવારો બિનહરીફ ચુટાયા હતા. બાકી રહેલી ૨૧ બેઠક માટે ૫૬ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવતા રસાકસીનો જંગ જામ્યો હતો. જ્યારે જિલ્લા પંચાયતની ૫ બેઠક માટે ભાજપા કોંગ્રેસ, અને આમઆદમી પાર્ટી મળી કુલ ૧૫ ઉમેદવારો મેદાનમાં ઉતરતા ત્રીપાખીઓ જંગ જામ્યો હતો. જેને લઈ હાલોલ તાલુકામાં રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો.

સંજેલીના મોલી ગામના AAPના ઉમેદવારના પતિનુ અપહરણ

દાહોદ : દાહોદમા ચૂંટણી વચ્ચે હંગામો આપ ના મહિલા ઉમેદવાર ના પતિનુ અપહરણ કરી જીવલેણ હુમલો રાત્રી ના કારમાં અપહરણ કરી બાંધી ને મારપીટ કર્યાનો ભાજપ ઉપર આક્ષેપ લગાવ્યા મળેલ વિગત અનુસાર સંજેલી તાલુકા ના મોલી ગામે આર્મી માં ફરજ બજાવતા કલ્પેશ ભાઈ કતિજા ની પત્ની જોસીલા બેન આમ આદમી પાર્ટી ના બેનર ઉપર મોલી તાલુકા પંચાયત બેઠક પર ઉમેદવારી નોંધાવી હતી ગઈ કાલે રાત્રી ના સમયે ઉમેદવાર ના પતી નુ અજાણ્યા લોકો અપહરણ કરી ગાડી માં બાંધી કમર અને હાથ પગ ભાંગી શરીર ના ભાગો ઉપર મારમારી તેના બુશટ થી તેનું ગળુ બાંધી મોલી ગામ બહાર અવાવરૂ જગ્યા ફેકી જતા રહ્યાં હતાં ઉમેદવારે પોતાના પતી ની શોધખોળ કરી ત્યારે સવારે હાથ પગ બાંધી દીધેલ હાલત માં મળી આવેલ ત્યાર બાદ તેમને સારવાર અર્થે દવાખાને ખસેડવામાં આવ્યા હતા આમ આદમી પાર્ટીના તાલુકા પ્રમુખે ભાજપ ઉપર આક્ષેપ લગાવ્યો છે ઉમેદવારી ફોમ પાછુ ખેંચવા માટે દબાણ કરવામાં આવતું હતું અને પથ્થર મારો પણ કર્યો હતો અંતે અપહરણ કરી માર મારવામાં આવ્યો હતો.

1.15 લાખ મતદારોમાંથી 77430 મતદારોએ મતદાન કર્યું

જબુગામ ખાતે મતદારોના પ્રોત્સાહન અર્થે મોર્ડન મતદાન મથકનું આયોજન

બોડેલી તાલુકામાં જિલ્લા પંચાયતમાં 67.18% મતદાન જ્યારે બોડેલી ન.પા.માં 72.04% મતદાન કરાયું

(પ્રતિનિધિ) બોડેલી, તા.26 છોટાઉદેપુર જિલ્લામાં બોડેલી તાલુકામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈ જબુગામ ખાતે મોર્ડન મતદાન મથકનું આયોજન કરાયું છેલ્લા ઘણા સમયથી સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઇ ઉમેદવારોમાં ભારે હલચલો જોવા મળી રહી હતી આ ચૂંટણીમાં ઉમેદવારી પત્ર રજૂ કરવાથી લઈ અત્યાર સુધી ભારે ચડાવ ઉતરનો સામનો કરી ઉમેદવાર આજે પોતાની પરીક્ષા માટે ઉતર્યા જેમાં બોડેલી તાલુકામાં જિલ્લા પંચાયતના કુલ મતદારોની સંખ્યા 1,15,266 છે જેમાંથી આજરોજ 77430 મતદારોએ મતદાન કર્યું જેમાં કુલ ટકાવારી 67.18% ટકા મતદાન જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતમાં થયેલ છે

જ્યારે છોટાઉદેપુર જિલ્લામાં સમાવેશ બોડેલી નગરપાલિકા માં 22 બેઠકોમાં 18039 મતદારો છે જેમાંથી 12995 મતદારોએ મતદાન કર્યું જેમાં કુલ ટકાવારી 72.04% મતદાન થયું છે.

ફતેપુરામાં મતદાન મથક પર જિલ્લા પોલીસ વડા અને BSFના જવાનો તૈનાત કરાયા

સુખસર : દાહોદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત કરવાના ભાગરૂપે આજે જિલ્લા પોલીસ વડા (SP) રવિરાજસિંહ જાડેજા દ્વારા ફતેપુરા વિસ્તારની મુલાકાત લેવામાં આવી હતી. એસપી સાહેબના નેતૃત્વમાં પોલીસની ગાડીઓના કાફલા અને BSF (બોર્ડર સિક્યોરિટી ફોર્સ) ના જવાનો સાથે ફતેપુરાના માર્ગો પર ફ્લેગ માર્ચ યોજી સુરક્ષા વ્યવસ્થાનું શક્તિપ્રદર્શન કરવામાં આવ્યું હતું. BSF ના જવાનો સાથે ફ્લેગ માર્ચ આગામી દિવસોમાં શાંતિપૂર્ણ વાતાવરણ જળવાઈ રહે તે હેતુથી એસપી રવિરાજસિંહ જાડેજાએ ખાસ ફતેપુરા પોલીસ સ્ટેશન વિસ્તારની મુલાકાત લીધી હતી. પોલીસ અધિકારીઓની ગાડીઓના કાફલા અને હથિયારધારી BSF જવાનોની આ ફ્લેગ માર્ચ ફતેપુરા નગરના વિવિધ વિસ્તારોમાં ફરી હતી.

કાલોલમા ચૂંટણી ફરજ પર દારૂ પીને આવેલા આચાર્યની ધરપકડ કરાઇ

કાલોલ : સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણી ૨૦૨૬ માહોલ વચ્ચે કાલોલમાં એક શરમજનક ઘટના સામે આવી છે. શનિવારે કાલોલની એમ.એમ. ગાંધી કોલેજ ખાતે ઈવીએમ (EVM) વિતરણ દરમિયાન નશાની હાલતમાં લથડિયાં ખાતા એક પોલિંગ ઓફિસરની પોલીસે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કાલોલની એમ.એમ. ગાંધી કોલેજ ખાતેથી મતદાન પ્રક્રિયા માટે ઈવીએમ મશીનો અને અન્ય સામગ્રીનું વિતરણ કરવામાં આવી રહ્યું હતું. આ દરમિયાન કોલેજની લોબીમાં એક વ્યક્તિ નશાની હાલતમાં લથડિયાં ખાતો અને બકવાટ કરતો જોવા મળ્યો હતો. ફરજ પરના પોલીસ કર્મચારીઓએ આ અંગે પોલીસ સ્ટેશનમાં જાણ કરતા તાત્કાલિક પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે જ્યારે નશામાં ધૂત શખ્સની પૂછપરછ કરી ત્યારે વિવેક નટવરલાલ ઘોડ (ઉમર ૪૦ વર્ષ) આચાર્ય, પલાસા પ્રાથમિક શાળા (છેલ્લા એક વર્ષથી ફરજરત) હાલ તેની જેતપુર-3, મતદાન મથક-૧, પ્રાથમિક શાળા તરવડા ફળિયામાં પોલિંગ ઓફિસર તરીકે નિમણૂક થઈ હતી.

કરજણ તાલુકા ચૂંટણી: લોકશાહીના પર્વમાં મતદારોનો ઉત્સાહ અને રાજકીય સમીકરણો

કરજણ : કરજણ તાલુકામાં યોજાયેલી તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીમાં મતદારોએ કાળઝાળ ગરમીની પરવા કર્યા વિના લોકશાહીના આ પર્વમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને નાગરિકોએ પ્રજાતંત્ર પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા પ્રદર્શિત કરી હતી. સાંજે પાંચ વાગ્યા સુધીમાં નોંધાયેલી મતદાનની ટકાવારી દર્શાવે છે કે ગ્રામીણ વિસ્તારોમાં રાજકીય જાગૃતિ અને સક્રિયતા ઉચ્ચ સ્તરે જોવા મળી હતી. તાલુકા પંચાયતની ચૌદ બેઠકો પર થયેલા મતદાનના આંકડા રસપ્રદ ચિત્ર રજૂ કરે છે. સૌથી વધુ મતદાન મોટીકોરલ બેઠક પર 74.45 ટકા નોંધાયું, જે દર્શાવે છે કે આ વિસ્તારના મતદારોમાં સ્થાનિક સ્વરાજ્ય પ્રત્યે વિશેષ ઉત્સાહ હતો. તેની સામે, સાંસરોદ બેઠક પર સૌથી ઓછું 44.23 ટકા મતદાન થયું, જે વિવિધ બેઠકો પર મતદારોની ભાગીદારીમાં રહેલી ભિન્નતાને ઉજાગર કરે છે.

ગોધરાના પટીયાર ગામે બે પુત્રીઓએ માતા સાથે પ્રથમવાર મતદાન કર્યું

ગોધરા : પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના પટીયાર ગામના ૨૦ વર્ષીય બામણિયા મિત્તલબેન વાલજીભાઈએ તેમની માતા ચંપાબેન સાથે અને ૧૯ વર્ષીય મકવાણા તન્વીબેન અશોકભાઈએ તેમની માતા ગંગાબેન સાથે મતદાન કેન્દ્ર પર પહોંચીને પહેલીવાર લોકશાહીના આ મહાપર્વમાં પોતાની ભાગીદારી નોંધાવી હતી. આ સાથે ૨૧ વર્ષીય યુવાન પટેલ રણજીતકુમાર રાજેન્દ્રસિંહએ પણ પ્રથમ વાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરી ઉત્તમ નાગરિક તરીકેની પોતાની ફરજ નિભાવી હતી. પ્રથમ વખત મતદાનનો ગર્વ અનુભવી રહેલા આ યુવાન-યુવતીઓએ અન્ય લોકોને પણ મતદાન માટે જાગૃત કરવાનો પ્રયાસ કર્યો હતો. આમ દેશનો આ મહાપર્વ યુવાન, આધેડ કે વયોવૃદ્ધ સૌ કોઇ માટે મહત્વનો બની રહ્યો હતો.

છોટાઉદેપુર જિલ્લો

છોટાઉદેપુર તાલુકા પંચાયત
1,59,966 કુલ મતદારો
1,10,323 મતદાન
68.97 ટકા

જેતપુર પાવી
97,306 કુલ મતદારો
61,399 મતદાન
63.10 ટકા

કદવાલ
39,487 કુલ મતદારો
28,294 મતદાન
71.65 ટકા

ક્વાંટ
1,51,965 કુલ મતદારો
1,10,692 મતદાન
70.21 ટકા

બોડેલી
1,15,266 કુલ મતદારો
77,430 મતદાન
67.18 ટકા

સંખેડા
78,021 કુલ મતદારો
56,130 મતદાન
71.94 ટકા

નસવાડી
1,12,566 કુલ મતદારો
84,767 મતદાન
75.30 ટકા

પંચમહાલ જિલ્લા

ગોધરા તાલુકા પંચાયત
કુલ મતદાન ટકાવારીમાં
61.56 ટકા

હાલોલ
કુલ મતદાન ટકાવારીમાં
72.16 ટકા

કાલોલ
કુલ મતદાન ટકાવારીમાં
64.61 ટકા

ઘોઘંબા
કુલ મતદાન ટકાવારીમાં
71.00 ટકા

જાંબુઘોડા
કુલ મતદાન ટકાવારીમાં
83.32 ટકા

શહેરા
કુલ મતદાન ટકાવારીમાં
59.76 ટકા

મોરવા હડફ
કુલ મતદાન ટકાવારીમાં
65.24 ટકા

દાહોદ તાલુકા પંચાયત

દાહોદ
કુલ મતદારો
1,85,303
મતદાન
68.58 ટકા

ગરબાડા
કુલ મતદારો
91,062
મતદાન
64.88 ટકા

ગુરુ ગોવિંદ લીમડી
કુલ મતદારો
1,02,093
મતદાન
64.79 ટકા

સુખસર
કુલ મતદારો
57,003
મતદાન
68.34 ટકા

ફતેપુરા
કુલ મતદારો
58,412
મતદાન
66.12 ટકા

સંજેલી
કુલ મતદારો
43,914
મતદાન
67.51 ટકા

સિંગવડ
કુલ મતદારો
61,600
મતદાન
73.13 ટકા

લીમખેડા
કુલ મતદારો
1,00,137
મતદાન
73.13 ટકા

ધાનપુર
કુલ મતદારો
64,500
મતદાન
65.61 ટકા

દેવગઢ બારીયા
કુલ મતદારો
1,13,047
મતદાન
65.64 ટકા